॥ સનાતન પરમો ધર્મ ॥

રવિવારી પૂર્તિ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૬ ● અ. આસો વદ-૩ ● તા. ૦૪-૧૦-૨૦૨૦ ● રવિવાર SDP NO: 169 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

"હું જ શિવ છું", દૂધ એ ! તું શું કરે છે: "છાશ છાશ"?

- હરિકૃષ્ણ શાસ્ત્રી

બોલિવૂડની અનેક કલાકાર બહેનોને હવે કદાચ બરાબર સમજાતું જતું હશે કે ઇન્ટરવ્યૂ અને ઇન્ટરોગેશનમાં ફરક શું છે? કેમેરા સામે હોવું અને એક્ટિંગ કરવી, તથા કાયદા સામે હોવું અને ગુના કબૂલવા બંનેમાં માત્ર એક્ટર કે સસ્પેક્ટ હોવાનો જ ફરક નથી, તેમાં પ્રતિષ્ઠા, પૈસા અને શાંતિની ઊંઘનો પણ એટલો જ મોટો પ્રશ્ન છે.

આઇસર મોઢે રૂપિયા અને વસ્તી મોઢે લાઈક્સ અને ફોલોઅર્સને પચાવવામાં એ બહેનોનાં પેટ નાનાં પડ્યાં, એટલી હદ સુધી કે એ બધી જ બાઈઓ મનથી એવું જાણે છે કે દેશની અડધાથી વધારે વસ્તી ગાંડાની જેમ અમને ફોલો કરે છે. બાલમાં (વાળમાં), ચાલમાં અને ખાલમાં(ચામડીમાં), એક્શનમાં, રિએક્શનમાં ને પરફેક્શનમાં અમે કરોડો કિશોરીઓ અને યુવતીઓના આઇકોન છીએ!!

આટલી મોટી જવાબદારી પછી પણ જ્યારે દેશ સામે "પિત્તળ" સાબિત થવા સુધી પહોંચવું, એ કેટલી મોટી પસ્તાવા-ગીરીનું કારણ બન્યું હશે, તેની કલ્પના પણ કરવી મુશ્કેલ છે.

આઇકોન કે રોલમોડેલ કે ડ્રીમબોય કે ડ્રીમગર્લ જેવા શબ્દો આવા પ્રકારના ભાઈઓ-બહેનો (ચંદ્રકાંત બક્ષીના તીખા મિજાજમાં આવા નટ-નટીઓ સામે) એટલા માટે વામણા, બોદા અને તુચ્છ લાગે છે કે એમના વલણ, વર્તન અને વ્યવહાર કદાચ દેશદ્રોહ સુધી ન ગણીએ, તો પણ સમાજદ્રોહની નીચાઈ સુધી તો અવશ્ય પહોંચેલા જોવા મળે છે...

ગાંધીજીને પૂછો તમારા આઇકોન કોણ? તેમનો જવાબ હશે: શ્રીમદ્ રાજચંદ્ર, લિયો ટોલ્સટોય અને જોન રસ્કિન!

કલામ સાહેબને પૂછો: તમારા રોલમોડેલ કોણ? તમને જવાબ મળશે: ડૉક્ટર વિક્રમ સારાભાઈ, ડૉ. બ્રહ્મપ્રકાશ!

મોદી સાહેબને પૂછો: તમારા રોલમોડેલ કોણ? તેમનો જવાબ હશે: સ્વામી વિવેકાનંદ!

નેલ્સન મંડેલાને પૂછો: તમારો આદર્શ કોણ? તેમનો જવાબ હશે: મહાત્મા ગાંધી!

અને આજની સિમ્પી, ડીમ્પી કે આજના ચિન્ટુ, પીન્ટુ, સિન્ટુને પૂછો: તમારા ફેવરિટ રોલમોડેલ કોણ?તો તમને ઉપર જણાવ્યા તેવા નટ-નટીઓનાં નામ સાંભળવા મળશે...

ભારતના યુવાનોની માનસિકતા નચિકેતા, અભિમન્યુ કે અર્જુનથી ઊતરીને જેમનાં નામ લખવાનું મન ન થાય, ત્યાં સુધી નીચે ગઈ છે, તે શું આવા જ કાંડ કે લીલાઓ જોઈને વિચારવા ક્યારેય મજબૂર થશે ખરી??

વાત મૂળે પોતાનાં મૂળ તપાસવાની છે. શાળામાં જ્યારે પેલી પ્રતિજ્ઞા બોલાતી હતી ત્યારે ક્યાં સમજ આપવામાં આવતી હતી કે "તેના સમૃદ્ધ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસાનો મને ગર્વ છે!" તેનો અર્થ શું થાય?

અહીં ભગવાન શ્રીરામના આદર્શોના સાંસ્કૃતિક ગૌરવની વાત હતી, ભગવાન શ્રીકૃષ્ણના ધર્મ, કર્મ, જ્ઞાન અને ભક્તિની વિરાસત સમી ગીતાના ગૌરવની વાત હતી. ઉપનિષદોએ કહેલી બ્રહ્મજિજ્ઞાસાને સમજવાની તત્પરતાની વાત હતી. શરીર હું નથી, અને આત્મા મારું સ્વરૂપ છે, કે ચિદાનંદ રૂપ: શિવોહં શિવોહંના ગૌરવની વાત હતી....

ફિલ્મોએ આપણા યુવાનોના મનમાં શેનો મહિમા વધાર્યો ? ગ્લેમર, સ્ટાઇલ, ફાઇવસ્ટાર રહન-સહન અને તેના પાલતુ પ્રાણીઓ જેવા દંભ, વ્યભિચાર, ડ્રગ્સ, વ્યસન અને ગંદા પોલિટિક્સનો મહિમા!

જ્યારે બીજમાં જ ખરાબી હોય કે મૂળિયાં જ ખવાઈ ગયાં હોય, ત્યાં પરિણામ સી.બી.આઈ., એન.સી.બી., કેસ, ગિરફતારી કે સલાખો સિવાય બીજાં ક્યાં આવવાનાં હતાં?

કેટલા સુંદર દેખાય છે, આ બહેનોના ચહેરાઓ! ચહેરા ઉપરાંત, શરીર, વાળ, સ્ટાઇલ અને છેલ્લે હુન્નર ! આ જ તેમની સંપત્તિનો સ્રોત છે. તે લોકો ડ્રગ્સના બંધાણી હોય તો મોં પર આવું નૂર હોઈ શકે? પણ સબૂતો તો સાચું જ કહી રહ્યા છે!! જેની કલ્પના પણ આવી શકે નહીં તેવી આ ઘટનાઓ જોતાં સવાલ એ થાય છે, કે ધારે ત્યારે વજન વધારી શકતા, ધારે ત્યારે ઘટાડી શકતા આ ભાઈઓ-બહેનો ચુસ્ત ડાયટને, જીમના સખત વર્કઆઉટને બરાબર પાક્કે પાયે ફોલો કરતા હોય છે... સ્વાસ્થ્ય અંગે તેઓની ડ્રગ્સ લેવા જેવી ગંભીર બેદરકારી સંભવી શકે ખરી?

સલમાન, ઋત્વિક કે ટાઇગરને કારણે કરોડો યુવાનો શરીર માટે સાવધાન અને સક્રિય થયા છે, તો એવી જ કેટલીક કલાકાર બાઈઓને કારણે આજની યુવતીઓને વર્કઆઉટ, ડાન્સ, ડાયટ અને શરીર સંભાળવાની પ્રેરણા જરૂર મળી જ હશે. પણ આજે એવા યુવાનો- યુવતીઓનું મગજ સુન્ન છે. કે આ એ જ લોકો છે? જેમને હું રોલમોડલ માનતો કે માનતી હતી? આ જ મારા આઇકોન કે આદર્શ હતા!?

આ કલાકારોના બ્લેક શેડ્સ આટલા વિઘાતક હશે, તેની તેમને કલ્પના પણ ન હતી. "ઊડતા બોલીવુડ" જરા વધારે પડતો આક્ષેપજનક શબ્દ લાગે, તો તેવા લોકોને દરગુજર સાથે એટલું જરૂર કહેવું છે કે જેને જેને ફેવરિટ માનીને ઘરની દિવાલો કે અંગત કબાટની અંદરના ભાગો ઉપર તેમની તસવીરો લગાડી છે,અને દિવાલ કે કબાટ બગાડ્યા છે, તો ત્યાં સુધી તો વાંધો નથી. પણ દિલની અંદરની દીવાલ ઉપર લગાડ્યા હશે, તો આઘાત લાગવો વ્યાજબી છે...

આવા સમયે નરસિંહ મહેતાની એ અણીદાર પંક્તિઓ વિચારી જોવાનો વખત આવી ગયો છે તેમ સમજી લેવું. તેઓ મને, તમને, સમગ્ર ભારતવાસીઓને પ્રશ્ન પૂછે છે કે "તું અલ્યા કોણ, ને કોને વળગી રહ્યો? જોને વિચારી ને રૂપ તારું!"

રિયા, સુશાંત અને ડ્રગ્સ લીલાની ધરી ફરતે રાસડા લેતું અને નશો કરતી કલાકાર બાઈઓની ધરી ઉપર જ ફરતું આજનું મીડિયા તમારું કે મારું કશું જ ઉકાળવાનું નથી...

રોજના કલાકોનો સમય કે પછી માંડ પવિત્ર રહેતું મન બગાડવું ન હોય, તો આ જાયન્ટ વ્હીલની બહાર નીકળી જવામાં વધારે શાંતિનો અનુભવ થશે...

ફરવું જ હોય તો ફરજે જાતની આસપાસ,
છોડ, માન્યા તેમને જે સદાયે ખાસ ખાસ!
શું કહું ? ગૌરવ જીવી લે, હર પળે,
"હું જ શિવ છું" દૂધ એ,
તું શું કરે છે: "છાશ છાશ?"



સમગ્ર પાટીદાર સંઘઠન ની આરસી..
કદમ-૦૨
સંઘઠન ના સારા અને નરસા પાસાઓ.

સમગ્ર પાટીદારમાં યુવતીઓ પ્રેમ લગ્ન (ભાગેડું લગ્ન) કરે તેમાં આટલી બધી કાગારોળ શા માટે?

માત્ર કાગારોળ ના બદલે જ્યારે પાટીદારોમાં કેટલીક દીકરીઓ ભાગેડુ લગન કરે ત્યારે નેતાઓ એ સમગ્ર નારી જાતિને બદનામ કરવાને બદલે આત્મ મંથન કરે તો તેમાંથી જ જવાબ મલી જશે..

હાલની વડિલ પેઢી જે મધ્યમ શિક્ષિત (મેટ્રિક થી ગેજ્યુએટ) છે અને દિર્ઘ દ્રષ્ટિ ધરાવે છે તેમને દીકરીઓની સમાજમાં શું દશા છે તે જાણે છે અને તેવી દશા પોતાના સંતાનની ના થાય તે વિચારીને જ મજબૂરી થી સ્ત્રી ભૃણહત્યા કરાવે છે.

ત્યારે..

આજની ઉચ્ચ શિક્ષિત અને ધણી લાંબી સમજ વાળી કન્યાની બાપ કરતાં વધુ સમજ હોવાથી પોતાના સમાજમાં લગ્ન કરવાનું ટાળે છે. (તેમાં કોઈ અપવાદ પણ હોઇ શકે)

૨. કન્યાની ખેંચના કારણે ભાઇ માટે કન્યા ના મળતાં તેને સાટાપાટામાં ગમે ત્યાં મોકલવાની ભિતી સમજે છે.

૩. કન્યા ખેંચ ના કારણે છોકરાને પ્રેમલગ્ન માટે પ્રેરણા આ સમાજ જ આપે છે.

૪. હજારોની સંખ્યામાં પછાત વર્ગની કન્યા ભગાડી લાવનારને સેકડો ભાગી જતી કન્યાઓ માટે કાગારોળ કરવાનો હક્ક નથી.

૫. કાગારોળ કરનાર સુખી અને સાધન સંપન્ન સમાજ જ મહત્તમ સ્ત્રી ભૃણહત્યા કરાવે છે અને ગરીબે જન્મ આપેલ દીકરીઓ ઉપર તેમનો ઇજારો હોય તેમ જ્ઞાતિની અંદર જ લગ્ન કરાવવાનો હક્ક સમજે છે.

નોંધ : હું ભાગેડુ લગ્નોની તરફદારી નથી કરતો પણ સમાજના બની બેઠેલા સમાજ હિતચિંતકની શાન ઠેકાણે લાવવા એક નમ્ર પ્રયાસ છે. ચિંતન થકી વાતાવરણ સર્જનાત્મક કરવાનું કાર્ય નેતૃત્વ નું જ છે.

અમૃત પટેલ ગાંધીનગર,
મો ૭૩૫૯૪૧૫૩૩૬
ચિંતનકણીકા ક્રમશ...

રવિવાર નો આંતરનાદ...

જય સનાતન...

સાચો માણસ સીધો વ્યવહાર કરે છે....

ખોટો માણસ સીધો ચાલી શકતો નથી.!

કારણ કે,...

ખોટાનું ધ્યેય(લક્ષ્ય) જ અસત્ અને માત્ર બાહ્ય દેખાવનું હોય છે.!

સમાજ વહેતી પવિત્ર ગંગા છે.

મેલાનું માત્ર મેલ ધોવા નહીં, સમર્પિતને શુદ્ધ બનાવે છે.!

"યુવાસંઘ" સૂત્ર :

"જ્ઞાન શીલ એકતા એ જ યુવાસંઘની વિશેષતા"

ઓછી વધુ સમજદારી હોય,

પરંતુ,

શુદ્ધ ચારિત્ર ન હોય તો,

સંપ- એકતા જળવાઈ રહેતાં નથી!

અંતે પરિણામ "विनस्यति".

એટલે કે,

સમાજીક જીવન અશાંતિમય બની જતું હોય છે.!

સૌ આત્મીયને વંદન...

ખોટા વ્યવહાર કાઢી, અહંકાર છોડી, નિસ્વાર્થભાવે અને સકારાત્મક વલણ સાથે, સમાજના સર્વાંગી વિકાસ માટે તન મન ધનથી સત્યના માર્ગે, "કબર નહીં પણ સમાધિ " વૈદિક પરંપરાના મૂળ સનાતન ધર્મમાં એક થઈ જયીયેં એ જ પરમાત્માને પ્રાર્થના.!

આપ સૌ બુદ્ધિજીવીને જય સનાતન...

નોંધ : દરરોજ - આજનો સદા સર્વદા વિચારનું મનન કરશોજી. હરિ:ૐ...

વલ્લભ નું મનન .. અંકલેશ્વર

ગાંધી વીથ 'ગન'

પૂ. બાપુ,

સર્વપ્રથમ તો હેપ્પી બર્થ-ડે ટુ યુ !

આજે તમને તમારા જન્મ-દિવસ પર પત્ર લખીને શુભેચ્છાઓ પાઠવવાની તથા તમારી સાથે વાતો કરવાની ઈચ્છા થઈ આવી છે.

આશા છે કે આપ (ત્યાં) કુશળ હશો. અમે સહુ અહીં આમ તો આનંદમાં છીએ પરંતુ આપ રાષ્ટ્રપિતા છો એટલે જણાવવાનું મન થઈ આવ્યું છે કે આપનાં દેશની અને આપની પ્રિય જનતાની (આમ જનતાની) સ્થિતિ બહુ નાજુક છે અને એટલે જ આપ મને વધુ ને વધુ યાદ આવી રહ્યાં છો.!

સવાર-સવારમાં શાકવાળીને એક દા'ડાના શાક માટે સો ની નોટ પધરાવવા જતાં નોટ પરનો આપનો ફોટો જોઈને મન વિચલિત થઈ ઊઠ્યું. પછી તો તરત જ મોબાઈલમાં તમારા બીજા ફોટોઝ સર્ચ કર્યા. આપની ચળવળોનો ચિતાર વાંચીને આપને કેટલાંક પ્રશ્નો પૂછવાની ઈચ્છા થઈ આવી છે..

શું સાચે જ તમે આવા હતા ? એટલે કે ફોટામાં દેખાવ છો એવા ? શું તમે જ આઝાદી માટે અંગ્રેજો સામે લડાઈ લડી હતી ? શી જરૂર હતી આવી રીતે લડવાની ? અને એ પણ કોનાં માટે ? કોને તમે સત્ય અને અહિંસાનો સંદેશો આપ્યો ?

મારાં વ્હાલાં સાબરમતીના સંત., તમે કેવા દુબળા પાતળા દેખાઈ રહ્યા છો.. શા માટે તમે એક સાદી પોતડી પહેરીને અર્ધભૂખ્યા ફરતાં હતાં ? કોના માટે તમે લાકડીના ટેકે દાંડીકૂચ કરી અને ક્યા હેતુથી તમે સત્યાગ્રહ આદરીને સ્વ-શરીર ગાળ્યું ?

જુઓ પી. કે. એન્ડ સન્સ એટલે કે પુતળીબાઈ અને કરમચંદના જાયા, કેટલાં હેન્ડસમ દેખાતાં હતાં તમે જ્યારે સુટ-બુટમાં સજ્જ થઈને ઈંગ્લેન્ડથી આવ્યા હતા ?

તમારે તો સ્કૂલના શિક્ષક થવું જોઈતું હતું.. અને એ પણ એકદમ કડક શિક્ષક. સોટીવાળા ! પહેલા તમારે દેશવાસીઓને આઝાદીનો અર્થ સમજાવી દેવાની જરૂર હતી. લોકોને આઝાદીની કીંમત જણાવીને આઝાદી મેળવ્યા પછી કઈ રીતે માણવી અને કઈ રીતે એનું જતન કરવું એ શીખવવાની જરૂર હતી. સાથે સાથે દેશની અંદર છુપાયેલા દેશદ્રોહીઓને તેમજ અસામાજિક તત્વોને સીધા દોર કરી નાંખવાની જરૂર હતી.. કારણ કે અભણ પ્રજાને સમજાવ્યા વગર જ આપે સીધેસીધી આઝાદી મેળવી આપી એનાં પરિણામો બહુ ગંભીર આવ્યાં છે..

આપે ભારતને સ્વતંત્રતા અપાવી એટલે દેશ તો આઝાદ થઈ ગયો પરંતુ (સામાન્ય) પ્રજા જાણે કે ગુલામ જ રહી ગઈ. કારણ કે ગુલામીના સમયમાં જેમ બ્રિટિશરો દેશને લૂંટી રહ્યાં હતાં એમ જ આઝાદી પછી ધીમે ધીમે આપણો દેશ ગુંડાઓ, માફીયાઓ, કાળા-બજારિયાઓ, ભ્રષ્ટ નેતાઓ વગેરે વગેરે દ્વારા લૂંટાવા/ચૂસાવા લાગ્યો.. આખા દેશમાં અંધાધુંધી ફેલાવીને દેશને ખોખલો કરનારા દેશદ્રોહીઓને તો જાણે છુટ્ટો દોર મળી ગયો. કારણ કે અંગ્રેજો તો ગયા.. પાછળ પાછળ ગાંધીજી પણ ગયા.. હવે એમને કોનો ડર ? અને એટલે જ તો આવાં લોકો ખાઈ રહ્યાં છે લાખ.. કરોડ.. અરબ.. ખરબ..તેઓ તો તમારી છબીવાળી નોટોના થોકડેથોકડા ચાંઉ કરી રહ્યાં છે.. દીવાલોમાં ચણી રહ્યાં છે.. ગોડાઉનોમાં ભરી રહ્યાં છે.. અને (સ્વીસ) બેંકોમાં સોનેરી ધન ખડકી રહ્યાં છે.! ભલે પછી દેશ વેંચાઈ જાય અને દેશવાસીઓ ચવાઈ જાય.

માફ કરજો સત્ય ના પ્રયોગો કરનારા મહાત્મા, પત્ર લખવામાં મન હંમેશા ઠલવાઈ જતું હોય છે એટલે થોડી વ્યથાકથા લખાઈ ગઈ. મને ખબર છે કે પત્રમાં જેટલી વાતો પોતાની લખીએ એટલું જ મહત્વ સામેના પાત્રને પણ આપવું જોઈએ. તો ચાલો તમારી બાહોશીની વાતો યાદ કરીને પ્રેરણા મેળવું. તમારી સામે કેવી કેવી કઠણાઈઓ આવી.. તમને ફર્સ્ટ-ક્લાસના ડબ્બામાંથી ધક્કો મારવામાં આવ્યો હતો.. તમે જેલમાં પણ ગયા હતા.. તમારે બ્રિટિશરોની ભાગલા-નીતિનો સામનો પણ કરવો પડ્યો હતો.. તમારા પોતાના જ સાથીઓ તમને સમજી શક્યા ન હતા અને તમારે પક્ષ પણ છોડવો પડ્યો હતો.. તમારી દીઘર્દ્રષ્ટિની તો દાદ દેવી પડે કારણ કે મીઠા જેવી સસ્તી વસ્તુ પણ મોંઘી ન થાય એ માટે તમે સત્યાગ્રહ છેડી દીધો હતો.. મતાધિકારના મુદ્દે જ્યારે અછુતોને ઊચ્ચવર્ણથી જુદા ગણવામાં આવ્યા ત્યારે શુદ્રને માટે 'હરીજન' શબ્દનો પ્રયોગ કરીને તમે સામાજિક સુધારા માટેનું મહાઅભિયાન આદર્યું હતું.. અને આવાં બધાં કારણોસર ૧૯૩૪ માં તમારા પર ત્રણ ત્રણ વખત જાનલેવા હુમલાઓ પણ થયાં હતાં.!

હા તો મારાં પરાઈ પીડ જાણનારા વૈષ્ણવજન, જો તમે આટ-આટલી પ્રતિકૂળતાઓ હોવા છતાં આવડા મોટા ભારત દેશને કૂટનીતિથી ભરેલા બ્રિટિશરો પાસેથી મુક્ત કરાવી શક્યા, તો હવે અમે મુઠ્ઠીભર દેશદ્રોહીઓની, કાળા-બજારિયાઓની કે ગુંડાતત્વોની સાન ઠેકાણે નહીં લાવી શકીએ ? એમની સાન પણ ઠેકાણે લાવી શકીશું અને દેશનું માન પણ દુનિયાભરમાં વધારી શકીશું ! અમે આપનાં સ્વતંત્ર ભારતના સુંદર સ્વપ્નને સાચા અર્થમાં સાકાર કરીને જ જંપીશું.

તમે અમને વારંવાર યાદ આવતા રહો અને તમારી જેમ જ અન્યાય તથા અત્યાચારની સામે ઝઝુમવાનો અમારો જુસ્સો જળવાઈ રહે એ હેતુથી અમે ગામેગામ તમારા નામનાં રોડ 'ગાંધી રોડ' બનાવ્યા છે.. તમારા નામનું રેલ્વે-સ્ટેશન 'ગાંધી-ગ્રામ', તમારા નામનું નગર 'ગાંધીનગર' અને તમારા જ નામનું ધામ 'ગાંધીધામ' પણ વસાવ્યું છે.. અને સહુથી વિશેષ અનબિટેબલ તેમજ અનફર્ગેટેબલ ડેવલપમેન્ટ તો એ છે કે ગાંધીનગરમાં હવે તમારૂં મંદિર પણ બની ગયું છે.. 'મહાત્મા મંદિર' ! હજુ આગળ વાંચો.. આપનાં આ મંદિરની સામે અમે 'દાંડી કૂટિર'નું નિર્માણ કર્યું છે જ્યાં આપને, આપનાં આદર્શોને તથા આપનાં પ્રેરણાત્મક પ્રસંગોને ઉજાગર કરતું એક વિશાળ શંકુ આકારનું અતુલ્ય મ્યુઝિયમ ઝળહળી રહ્યું છે.!

ક્યારેક ક્યારેક મારા મનમાં એક સવાલ આવે છે, "એ દિવસે 'મોહન'ને ગોળી મારતી વખતે 'નાથ'ના મનમાં 'રામ' કેમ ન વસ્યા ?"

ખેર.. એક અગત્યની અને ખાનગી વાત લખીને પત્ર પુરો કરૂં. ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં કહ્યું છે કે જ્યારે જ્યારે પૃથ્વી પર પાપ અને અત્યાચાર વધશે, ત્યારે ત્યારે હું અવતાર લઈશ. એક વાર તેઓ (તમે) ભારતને અંગ્રેજોથી છોડાવવા મોહન-સ્વરૂપે આવ્યા.. નરી આંખે દેખાતી મુશ્કેલી તો દૂર થઈ. પરંતુ અંદર-અંદરનો ખળભળાટ વધુ ને વધુ ફુલ્યો-ફાલ્યો.. માટે દેશને અને દેશની આમ જનતાને લૂંટારાઓથી, અત્યાચારીઓથી, દુરાચારીઓથી તેમજ દેશદ્રોહીઓથી બચાવવા માટે ફરીથી આપનાં અવતારની જરૂર છે.! આ વખતે જૂની પદ્ધતિ કામ નહીં આવે હોં.. આજનો માણસ સાવ ખંધો અને નિષ્ઠુર થઈ ગયો છે..

મેં આપના આગામી અવતારનું પોર્ટ્રેટ બનાવ્યું છે એ મોકલું છું. હાથમાં લાકડી લઈને વાંકા ચાલતા પોતડીવાળા ગાંધીજી નહીં હોં.. સુટ-બુટમાં સજ્જ થઈને હાથમાં 'ગન' લઈને ગુંડા સામે નિશાન તાકતા હેન્ડસમ ગાંધી..

યા.., 'ગાંધી વીથ ગન' !!

૦૨/૧૦/૨૦૨૦.



આજ તારીખ ૧/૧૦/૨૦૨૦ ના રાષ્ટ્રીય સ્વૈચ્છિક રકતદાતા દિવસ નિમિત્તે શ્રી જીતેન્દ્ર ભાઇ ગોપાલ ભાઈ સાખલાએ ૧૩૪ વખત રક્તદાન કર્યું.તેમનુ આ રક્તદાન સ્વ શ્રી અબજી ભાઈ હિરજી ભાઈ ચોહાણ પેટલાદ વાળા ને શ્રદ્ધાંજલિ રૂપે અર્પણ કરેલ છે.

ડો ચેતન વેલાણી (એમ. ડી. ફીજીસીયન)

દુર્ગાપુર ના વતની હાલે મુંબઈ કર્મભૂમિ બનાવી છે તેના દાદા ડો . પ્રેમજીભાઈ વેલાણી આપણી જ્ઞાતી ના પ્રથમ ડોકટર હતા, ચેતનભાઈ ના પિતાશ્રી પણ ડોકટર છે જે બી એમ સી દ્વારા કુર્લા - બાન્દ્રા કોમ્પલેક્ષ માં નિર્માણ પામેલી ખાસ કોરોના ગ્રસ્ત દર્દીઓ માટેની ૨૦૦૦ બેડની હોસ્પિટલ માં સેવા આપી રહ્યા છે તેઓ શ્રી કોહિનૂર હોસ્પિટલ અને અન્ય ઘાટકોપર ની હોસ્પિટલ માં પણ કોરોના દર્દીઓની નિયમિત સારવાર કરી રહ્યા છે.

કોરોના વોરીયર ને ટીમ પ્રચાર પ્રસાર સમિતિ ના સલામ.

જય જય હો.

મુંબઈ ના એરિયા ને નવા અંદાઝ થી ઓળખો ....

૧. ધનની દેવી--મહાલક્ષ્મી Mahalaxmi
૨.ભૂલ ગયે ભગવાન--ભુલેસ્વર Bhuleshwar
૩. માં કા પ્યાર--માલાડ Malad
૪ સ્વતંત્ર ચોગાન--આઝાદ મેદાન Azad maidan
૫. રાજકુમારી ની ગલ્લી--પ્રીન્સેસ સ્ટ્રીટ Princes Street
૬. રેડ ગાર્ડન--લાલબાગ Lalbaug
૭.આના પર ચઢાય--દાદર Dadar
૮. કૃષ્ણની પૂજારણ નો રોડ--મીરા રોડ Mira road
૯. ક્રોધ - મીઠા નું ઘર--ખારઘરKharghar
૧૦. રાત નું ખોરાક ન ખવાય--વાશી Vashi
૧૧. ધર્મસ્થાન નું દ્વાર--ચર્ચગેટ Churchgate
૧૨. જ્ઞાન નું નગર--વિધ્યા વિહાર Vidhya vihar
૧૩. ખુશી- આનંદ નું નગર--ઉલ્હાસનગર Ulhasnagar
૧૪. આકાશ ના દેવ--અંબરનાથ Ambarnath
૧૫.સુખાકારી શહેર--કલ્યાન Kalyan
૧૬. જ્યાં બોર થવાય--બોરીવલી Borivali
૧૭. સોપારી થી ભરેલ નાળાઓ--નાલાસોપારા Nalasopara
૧૮. તાંબા નો ઘાટ--ઘાટકોપર Ghatkopar
૧૯. ભાઈ નું ઘર--ભાયન્દર Bhayandar
૨૦. રૂપાળા લોકો નું ગામ--ગોરેગામ Goregaon
૨૧. મુંબઈ નું મધ્ય બિંદુ--મુંબઈ સેંટ્રલ Mumbai Central
૨૨. ચાર પાટી--ચોપાટી Chaupati
૨૩. લટકતો બાગ--હેંગીંગ ગાર્ડન Hanging Garden
૨૪. છત્રપતિ નો બાગ--શીવાજી પાર્ક Shivaji Park
૨૫. હિન્દી માં બોલો વડો આપ--વડાલા Wadala
૨૬. ગ્રીન કપાસ--કોટન ગ્રીન Cotton Green
૨૭. સિંહનું બજાર--શેર માર્કેટ Sher Market
૨૮. દિવાળી માં ઘર ઘર થાય-- દીવા Diva
૨૯. શંકર નું એક નામ -- બાબુલનાથ Babulnath
૩૦. અંધારી નગરી--અંધેરી Andheri

મુંબઈ એજ મોહમાયા..

અવસાન નોંધ

તારીખ : ૦૨/૧૦/૨૦
સ્વ. ધનબાઈ ડાયાલાલ રંગાણી, ઉમર : ૮૦ વર્ષ, કચ્છ : બિદડા.
તારીખ: ૦૩/૧૦/૨૦
સ્વ. શિવજી કાનજી ચીકાણી, ઉમર : ૬૦ વર્ષ, કચ્છ : લક્ષ્મીપર, હાલે : ભુજ.

કાર્યાલય: ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦. મોબાઈલ : ૭૭૧૮૯૭૭૭૭૪.